અપીલ અરજી નં.૧૬૬ તા.૨૧–૮–૧૦/૧૧

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન
આરોગ્ય અધિકારી અન. ઈ.ચા. ડે.કમિ. (હે અનેહો) અને જાહેર માહિતી અધિકારી (ફુડ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૨–૭–૧૦ની અરજીથી ૨૨–એ. સરદાર એસ્ટેટ સ્થિત શીવ નમકીનની બાંધકામની પરવાનગી , કાયદેસરતા માળનુ ક્ષેત્રફળ પાર્કીગની તમામ માહિતી આ સંસ્થા બીયુસી લાયસન્સ ધરાવે છે કે કેમ? આ સંસ્થા બી.યુ.સી. લાયસન્સ ધરાવતી ન હોય તો પી.એફ.એ. લાયસન્સ મેળવવા કઈ રીતે અરજી કરી શકે છે? તથા અરજી કરી હોય તો તેના આધાર પૂરાવાઓ સાથે માહિતી આપવી તથા આ સંસ્થા એ મહાનગર પાસેથીકોઈ પાણીની લાઈન લીધેલ છે કે કેમ? ન લીધી હોય તો પાણીના સેમ્પલો લીધેલ છે કે કેમ? આ સંસ્થા પી.એફ.એ. લાયસન્સ વગર કયા અધિકારીઓ તથા ફૂડ ઈન્સ્પેકટરોની, મીલીભગત, મેળાપીપણાથી વર્ષોથી ચાલે છે. તેની માહિતી તમામ માહિતી તથા આધાર કારણો તથા જવાબદાર અધિકારીઓ ફુડ ઈન્સ્પેકટરના નામ સાથેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૧–૮–૧૦ ની **SMC/FAP/** નં.૧૬૬/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૨–૭–૧૦ની અરજીથી ૨૨–એ. સરદાર એસ્ટેટ સ્થિત શીવ નમકીનની બાંધકામની પરવાનગી , કાયદેસરતા માળનુ ક્ષેત્રફળ પાર્કીગની તમામ માહિતી આ સંસ્થા બીયુસી લાયસન્સ ધરાવે છે કે કેમ? આ સંસ્થા બી.યુ.સી. લાયસન્સ ધરાવતી ન હોય તો પી.એફ.એ. લાયસન્સ મેળવવા કઈ રીતે અરજી કરી શકે છે? તથા અરજી કરી હોય તો તેના આધાર પૂરાવાઓ સાથે માહિતી આપવી તથા આ સંસ્થા એ મહાનગર પાસેથીકોઈ પાણીની લાઈન લિધેલ છે કે કેમ? ન લીધી હોય તો પાણીના સેમ્પલો લિધેલ છે કે કેમ? આ સંસ્થા પી.એફ.એ. લાયસન્સ વગર કયા અધિકારીઓ તથા ફૂડ ઈન્સ્પેકટરોની, મીલીભગત, મેળાપીપણાથી વર્ષોથી ચાલે છે. તેની માહિતી તમામ માહિતી તથા આધાર કારણો તથા જવાબદાર અધિકારીઓ ફુડ ઈન્સ્પેકટરના નામ સાથેની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી માહિતી પુરી પાડેલ ન હોવાનું તથા આરોગ્ય અધિકારી અને ડે.કમિશનર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. પીએચડી/ફુડ /૩૫૬ તા.૧૧–૮–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૮–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૫૧ તા.૩–૯–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન આરોગ્ય અધિકારી અન. ઈ.ચા. ડે.કમિ. (હે અનેહો)અને જાહેર માહિતી અધિકારી (ફુડ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી આ.નં.પીએચડી/ફુડ/૪૩૦ તા.૬–૯–૧૦ થી અરજદારને આપેલી માહિતી અંગેનો પત્ર જાવક નં.પીએચડી/ફુડ/૩૫૬ તા.૧૧–૮–૧૦ ના પત્રની નકલ પૂરક વિગતોમાં અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં કોઈ વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૨–૭–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની અરજદાર તરફથી માહિતી માંગતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે ઉધનાઝોનના પત્ર નં.આરટીઆઈ સેલ/આ.નં.૩૯ તા. ૨૭–૭–૧૦ થી મ. જાહેર માહિતી અધિકારી ફુડ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી આરોગ્ય (ફુડ) તરફથી ૨૨/એ , ઉધના મગદલ્લા રોડ સરદાર એસ્ટેટ સ્થિત શીવ નમકીન નામની સંસ્થાને ફુડ વિભાગ તરફથી પી એફ એ એકટ હેઠળનું લાયસન્સ આપવામાં આવેલ નથી ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન– વેચાણ કે સંગ્રહ માટે પીએફએ એકટ હેઠળનું લાયસન્સ લેવું જરૂરી છે. લાયસન્સ લેવા માટે આવતી અરજીની સાથે રજૂ કરેલ પુરાવાઓને ધ્યાને લઈ લાયસન્સ આપવામાં આવે છે અન્યથા આવી અરજી દફતરે કરવામાં આવે છે તેવું જણાવેલ. જે બાબતે અરજદારે આપેલી માહિતીથી નારાજ થઈ તથા નં. ૧ માટે કોઈ જવાબ મળેલ નથી તેવું જણાવી તા.૨૧–૮–૧૦ ના રોજ અપીલ કરેલ છે. વધુમાં અરજદારે બાંધકામ, પાર્કીગ ક્ષેત્રફળ પરવાનગી માટે કોઈ નિર્ણય મળેલ નથી માટે જે જવાબ આપ્યા છે જેમાં જવાબદાર અધિકારીઓ તથા સેમ્પલ લીધા છે કે કેમ? તેવી માહિતી નહીં મળ્યાની રજૂઆત કરેલ છે. જે બાબત ઉધનાઝોનના કાર્યક્ષત્ર હેઠળની માહિતી ઉધનાઝોનના જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતના બાંધકામ તેમજ બીયુસી લાયસન્સ, પાણીની લાઈન અને પાણીના સેમ્પલો અંગેની તથા જવાબદાર અધિકારીઓની માહિતીની વિગતો અરજદારને પૂરી પાડી હોય તેવી કોઈ વિગતો અત્રે મળેલ નથી. તથા આરોગ્ય વિભાગ તરફથી લાગત ફુડ ઈન્સ્પેકટરના નામની વિગતો પૂરી પડાયેલ જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨–૭–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ધ્વારા નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.૧ ની બાબત હેઠળની મિલ્કતના બાંધકામ, ક્ષેત્રફળ, પાર્કીંગની માહિતી તથા પાણીની લાઈન અને સેમ્પલ અંગેની માહિતી તથા જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી ફુડ લાયસન્સ વિના ચાલતી સંસ્થા અંગે જવાબદાર અધિકારી ફુડ ઈન્સ્પેકટરોના નામની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા અનુક્રમે એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ.(હે અનેહો) અને જાહેર માહિતી અધિકારી (ફુડ) ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન),આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે. કમિ. (હે અનેહો) અને જાહેર માહિતી અધિકારી (ફુડ).. ..જાણ તથા અમલ માટે

(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,